# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 03-06-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. આદિવાસી સમુદાયના ઉત્કર્ષ માટેના પ્રયાસો કરવા પર ભાર મૂકતા રાષ્ટ્રપતિ.
2. સર્વોચ્ચ અદાલતે અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યા અને સીમાંકન અંગે કેન્દ્રના અહેવાલની સ્વતંત્ર સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરી.
3. કર્ણાટકમાં ડી કે શિવકુમાર આજે બેંગલુરુમાં મુખ્યમંત્રી તરીકે શપથ લેશે.
4. ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશીઓ સામે ગુજરાત પોલીસનું અભિયાન. અમદાવાદ, કચ્છમાંથી કરાઇ અટકાયત.
5. પશ્ચિમ એશિયામાં વધતાં તણાવના પગલે ભારતીય શેરબજારમાં કડાકો.
6. શરીરને ચુસ્ત અને તંદુરસ્ત રાખવા સાયકલ ચલાવવાની પ્રેરણા આપતા વિશ્વ સાયકલ દિવસની આજે ઉજવણી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# EARLY PREZ- TRIBAL CONCLAVE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે નવી દિલ્હીમાં સંકલિત આદિવાસી વિકાસ એજન્સીઓ અને સંકલિત આદિવાસી વિકાસ પ્રોજેક્ટ્સના મજબૂતીકરણ પર રાષ્ટ્રીય સંમેલનનું ઉદ્ઘાટન કર્યું.

આ પ્રસંગે સંબોધન કરતા તેમણે કહ્યું કે, દેશભરમાં વસતો આદિવાસી સમાજ સાંસ્કૃતિક રીતે ખૂબ જ સમૃદ્ધ છે અને આદિવાસી સમુદાયને આગળ લાવવા માટે પ્રયાસો કરવા જોઈએ. તેમણે કહ્યું કે, વિકાસ છેલ્લા ઘર અને છેલ્લા ગામ સુધી પહોંચવો જોઈએ.

શ્રીમતી મુર્મુએ ચિંતા વ્યક્ત કરી કે, હજુ પણ આદિવાસીઓના કેટલાક વર્ગો છે, જેઓ સરકારની વિવિધ યોજનાઓથી અજાણ છે.

## (BYTE: PRESIDENT DRAUPADI MURMU)

આ કાર્યક્રમ ચાલી રહેલા જનજાતિય ગરિમા ઉત્સવ-2026 ના ભાગ રૂપે યોજાઈ રહ્યો છે. આ સંમેલન દેશભરમાં આદિવાસી વિકાસ વિતરણ માટે જવાબદાર સંસ્થાકીય પ્રણાલીઓને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, જેમાં શાસન સુધારા, સંકલન પદ્ધતિઓ અને ટેકનોલોજી-સક્ષમ સેવા વિતરણનો સમાવેશ થાય છે. 26 રાજ્યો અને 4 કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ આ સંમેલનમાં ભાગ લઈ રહ્યા છે.

# VENEZUELA PREZ VISIT

વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝ આજથી ભારતની ચાર દિવસની મુલાકાતે આવશે. તેમની સાથે એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ પણ હશે.

મુલાકાત દરમિયાન તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરશે અને વેપાર, રોકાણ, ઉર્જા, આરોગ્ય અને ફાર્માસ્યુટિકલ ક્ષેત્રોમાં સહયોગ વધારવા અંગે ચર્ચા કરશે. વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ભારતીય જાહેર ક્ષેત્રની કંપનીઓએ વેનેઝુએલાના ઉર્જા ક્ષેત્રમાં નોંધપાત્ર રોકાણ કર્યું છે. આ મુલાકાત ભારત અને વેનેઝુએલા વચ્ચે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

# SC-ARAVALLI-COMMITTEE

સર્વોચ્ચ અદાલત અરવલ્લી પર્વતમાળાની વ્યાખ્યા અને સીમાંકન અંગે કેન્દ્રના અહેવાલની સ્વતંત્ર સમીક્ષા કરવા માટે એક ઉચ્ચ-સ્તરીય નિષ્ણાત સમિતિની રચના કરી છે. આ સમિતિનું નેતૃત્વ ભારતીય વન સંશોધન અને શિક્ષણ પરિષદના મહાનિર્દેશક કંચન દેવી કરશે. પેનલને આ વર્ષે 31 ઓગસ્ટ સુધીમાં પોતાનો અહેવાલ રજૂ કરવા માટે કહેવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, અરવલ્લી ઇકોસિસ્ટમના રક્ષણ સંબંધિત મુખ્ય મુદ્દાઓને ઉકેલવા માટે નિષ્પક્ષ અને વૈજ્ઞાનિક મૂલ્યાંકનની જરૂરિયાત છે. કોર્ટે અગાઉ ગયા વર્ષે ઓક્ટોબરમાં રજૂ કરાયેલ પર્યાવરણ મંત્રાલયના અહેવાલના અમલીકરણ પર પ્રતિબંધ લગાવી દીધો હતો અને સ્વતંત્ર નિષ્ણાતો દ્વારા નવી સમીક્ષાનું સૂચન કર્યું હતું.

અરવલ્લી પર્વતમાળાને ઓળખવા માટેના પ્રસ્તાવિત માપદંડો પર્યાવરણીય સંરક્ષણ હેઠળના વિસ્તારમાં નોંધપાત્ર ઘટાડો, પર્યાવરણીય રીતે સંવેદનશીલ પ્રદેશોમાં ખાણકામ અથવા અન્ય પ્રવૃત્તિઓને મંજૂરી આપી શકાય કે નહીં તેવા પાસાઓની સમિતિ તપાસ કરશે.

# KARNATAKA CM - SHIVA KUMAR SWORN

કર્ણાટક વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા ડી કે શિવકુમાર આજે સાંજે બેંગલુરુમાં ૨૫મા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. રાજ્યપાલ થાવરચંદ ગેહલોત તેમને મુખ્યમંત્રી તરીકે અને ભૂતપૂર્વ ગૃહમંત્રી ડૉ. જી પરમેશ્વરને નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લેવડાવશે. આજે લગભગ ૧૦ ધારાસભ્યો મંત્રી તરીકે શપથ લે તેવી શક્યતા છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, કોંગ્રેસના મહાસચિવો કે સી વેણુગોપાલ અને રણદીપ સિંહ સુરજેવાલા સહિત મહાનુભાવોને શપથ ગ્રહણ સમારોહ માટે આમંત્રણ આપવામાં આવ્યું છે.

# WB-TMC SPLIT

પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ શાસક પક્ષ, તૃણમૂલ કોંગ્રેસમાં ઉથલપાથલ થઇ રહી છે. પાર્ટીમાં ભગાણ પડે તેવી સ્થિતી ઉભી થઇ છે. પાર્ટીમાંથી હાંકી કઢાયેલા ટીએમસી ધારાસભ્ય રીતાબ્રત બેનર્જીએ લગભગ 60 ધારાસભ્યોના સમર્થનનો દાવો કર્યો છે, જે વિધાનસભામાં રાજકીય  સમીકરણને બદલી શકે છે.

તેમના જૂથે અગાઉથી જ સ્પીકર રથિન્દ્ર બોઝને પત્ર લખીને "વાસ્તવિક ટીએમસી" તરીકે માન્યતા મેળવવાની માંગ કરી છે. વળતા પગલામાં, ટીએમસીએ શોભનદેવ ચટ્ટોપાધ્યાયને ગૃહના નેતા તરીકે, આશિમા પાત્રા અને નયના બંદોપાધ્યાયને ડેપ્યુટી તરીકે અને ફિરહાદ હકીમને મુખ્ય દંડક તરીકે જાહેર કર્યા. કોલકાતામાં એક રેલીમાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાજપ પર વિભાજનનો લગાવ્યો.

# GUJ. BANGLASDESHI GHUSHANKHOR ABHIYAN

ગુજરાત પોલીસે ગેરકાયદે વસવાટ કરતાં બાંગ્લાદેશી ઘૂસણખોરો સામે અભિયાન આદર્યુ છે. આજે રાજ્યભરમાં ચલાવાયેલા આ અભિયાનમાં ઘણા બાંગ્લાદેશી ઘૂસણખોરોને ઝડપી લેવાયા છે. અમદાવાદ પોલીસે આજે સવારના અભિયાન દરમિયાન 166, જ્યારે કચ્છમાં 115ની અટકાયત કરવામાં આવી છે. આ ઉપરાંત ભરૂચમાં 50 જેટલા શંકાસ્પદ ઇસમોની પૂછપરછ થઇ રહી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# MARKET

ભારતીય શેરબજારમાં આજે કડાકાનો માહોલ સર્જાયો હતો. પશ્ચિમ એશિયામાં વધતો તણાવ, ક્રુડ ઓઇલના ભાવમાં વધારા સહિતના કારણોને પરિણામે પ્રારંભિક તબક્કે સેન્સેક્સમાં 900 અને નિફ્ટીમાં 250 અંકોનો કડાકો થયો હતો.

આઇટી, રિયાલિટી અને ગૃહ વપરાશની ચીજવસ્તુઓના શેરોમાં વેચવાલી, જ્યારે ટેલિકોમ્યિનિકેશન જેવા શેરોમાં લેવાલી જોવા મળી હતી.

# WORLD BICYCLE DAY

આજે વિશ્વ સાયકલ દિવસ છે. પરિવહનના સરળ, સસ્તા, વિશ્વસનીય અને પર્યાવરણને અનુકૂળ ટકાઉ માધ્યમોને પ્રોત્સાહિત કરનારી સાયકલની શાનથી સવારી કરીને વિશ્વભરના સાયકલવીરો ઉજવણી કરી રહ્યાં છે. સાયકલની સવારીથી પર્યાવરણીય સંભાળ અને આરોગ્યને પ્રોત્સાહન મળે છે. "હરિયાળા ભવિષ્ય માટે સાયકલિંગની થીમ સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. આજની વૈશ્વિક સમસ્યા એવી કાર્બન ઉત્સર્જનને ઘટાડવા, ટ્રાફિક ઘટાડવા, સ્વસ્થ શહેરી વાતાવરણને પ્રોત્સાહન આપવામાં સાયકલની ભૂમિકા મહત્વપૂર્ણ બની રહી છે.

યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ યુવાનોને સાયકલ ચલાવવા અને સ્વસ્થ  અને હરિયાળા રાષ્ટ્રના નિર્માણમાં અગ્રણી ભૂમિકા ભજવવા અપીલ કરી છે.

આજે વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે એક વિડિઓ સંદેશ શેર કરતા તેમણે કહ્યું કે સાયકલ ચલાવવાને નિયમિત આદત બનાવવાથી સંતુલિત અને શિસ્તબદ્ધ જીવનશૈલીને પ્રોત્સાહન મળે છે, સાથે સાથે પર્યાવરણીય ટકાઉપણું અને સ્વચ્છ પરિવહનને પણ ટેકો મળે છે.

## BYTE: MANSUKH MANDAVIYA

# PRAHLAD - SOLAR ENEGRY

ભારત વર્ષ 2025માં વાર્ષિક સૌર ઉર્જા ક્ષમતા વધારામાં વિશ્વનું બીજું સૌથી મોટું સૌર ઉર્જા બજાર બન્યું છે. આ અંગે જણાવતા કેન્દ્રીય નવી અને નવીનીકરણીય ઉર્જામંત્રી પ્રહલાદ જોશીએ જણાવ્યું કે, દેશની સૌર ઉર્જા વૃદ્ધિ વૈશ્વિક ધોરણો સ્થાપિત કરી રહી છે અને મજબૂત નીતિ સમર્થન, નવીનતા અને વિશ્વ કક્ષાના માળખા દ્વારા રેકોર્ડ ક્ષમતા વધારાને આગળ ધપાવી રહી છે.

તેમણે જણાવ્યું કે, ભારતનું સ્વચ્છ ઉર્જા સંક્રમણ ઝડપી બની રહ્યું છે, ઉર્જા સુરક્ષાને મજબૂત બનાવી રહ્યું છે, ટકાઉ વિકાસને આગળ વધારી રહ્યું છે અને નવીનીકરણીય ઉર્જામાં વૈશ્વિક નેતા તરીકે દેશની સ્થિતિને મજબૂત બનાવી રહ્યું છે.

# CBSE - RE EVALUTION

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ CBSEએ જણાવ્યું કે, લગભગ 40 હજાર વિદ્યાર્થીઓએ તેમની પુનઃમૂલ્યાંકન અરજીઓ જમા કરી છે. CBSE એ ગઈકાલે ધોરણ 12ના વિદ્યાર્થીઓ માટે ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલોમાં જોવા મળેલી સમસ્યાઓની ચકાસણી અને જવાબોના પુનઃમૂલ્યાંકન માટે ઓનલાઈન પોર્ટલ ખોલ્યું હતું. આ સુવિધા ફક્ત તે વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ છે, જેમણે તેમની મૂલ્યાંકન કરાયેલ ઉત્તરવહીઓની સ્કેન કરેલી નકલો મેળવી છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, CBSE એ માહિતી આપી કે, પરિણામ પછીની સેવાઓ માટે અરજી કરનારા વિદ્યાર્થીઓ માટે SBI, કેનેરા બેંક, બેંક ઓફ બરોડા અને ઇન્ડિયન બેંકના પેમેન્ટ ગેટવે ચકાસણી અને પુનઃમૂલ્યાંકન પોર્ટલ પર ઉપલબ્ધ છે.

બોર્ડે માહિતી આપી હતી કે, ઉમેદવારો UPI, નેટ બેંકિંગ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ જેવા ઓનલાઈન ચુકવણી વિકલ્પોનો ઉપયોગ કરીને ઉપલબ્ધ કોઈપણ ગેટવે દ્વારા ચુકવણી કરી શકે છે.

# UN-EL NINO-HEAT ALERT

સંયુક્ત રાષ્ટ્રની હવામાન એજન્સીએ આગામી સમયમાં અલ-નીનો ની ભારે સ્થિતિની શક્યતા હોવાથી વૈશ્વિક તાપમાનમાં વધારો થવાની ચેતવણી આપી. વિશ્વ હવામાન સંગઠન WMOના જણાવ્યા અનુસાર, મધ્ય અને પૂર્વીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્ર સપાટીનું તાપમાન વધી રહ્યું છે. એજન્સીએ જૂનથી ઓગસ્ટ દરમિયાન મોટાભાગના વિશ્વમાં સરેરાશથી વધુ તાપમાનની આગાહી કરી છે અને જણાવ્યું કે અલ-નીનો સ્થિતિ નવેમ્બર સુધી ચાલુ રહેવાની સંભાવના છે.

એજન્સીએ જણાવ્યું કે, અલ-નીનો ઓસ્ટ્રેલિયા, ઇન્ડોનેશિયા, મધ્ય અમેરિકા અને દક્ષિણ એશિયાના ભાગોમાં દુષ્કાળનું કારણ બની શકે છે, જ્યારે મધ્ય અને પૂર્વીય પ્રશાંતમાં વાવાઝોડાની સ્થિતિ વધી કરી શકે છે.